ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી, ગાંધીનગર માન્ય અને કલ્યાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ભાવનગર સંચાલિત

કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર , ભાવનગર

" વિજ્ઞાન ભવન " પ્લોટ નં. ૨૨૦૬/૪-એ, સંસ્કાર મંડળ પાસે,
પંજાબ નેશનલ બેંકની બાજુમાં, હિલડ્રાઈવ, ભાવનગર-૩૬૪૦૦૧ (ગુજરાત)

Phone : 0278-2570110, 2570111 **Email** :krcscbhavnagar@yahoo.co.in **Website** : www.krcscbhavnagar.org

તા: ૧૯/૦૬/૨૦૧૫

પ્રતિ,
તંત્રીશ્રી,
ભાવનગર.

કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર દ્વારા ગતિશીલ ગુજરાત અંતર્ગત તા.૨૧ થી ૨૪ મોબાઈલ પુનઃ પ્રાપ્ય ઊર્જા–નિદર્શનવાનનું પ્રદર્શન

ગુજરાતના માનનીય મુખ્યમંત્રીશ્રી એ ઘોષિત કરેલ ગતિશીલ ગુજરાત કાર્યક્રમ અંતર્ગત નવા બનેલા જિલ્લાઓમાં ગુજરાત ઊર્જા વિકાસ એજન્સી (જેડા) દ્વારા રાજયમાં પુનઃપ્રાપ્ય ઊર્જા નિદર્શન કાર્યક્રમો જાહેર સ્થળોએ જેડાની મોબાઈલ પુનઃપ્રાપ્ય ઊર્જા નિદર્શન વાન ફેરવી એજન્સીની પ્રવૃતિઓ અને વિવિધ પુનઃપ્રાપ્ય ઊર્જા સ્ત્રોતો અને ઊર્જા સંરક્ષણ સાધનો અંગે જન જાગૃતિ ફેલાવવાની કામગીરી કરવામાં આવી રહી છે.

જેના અંતર્ગત બોટાદ જિલ્લામાં કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર દ્વારા તા.૨૧ થી ૨૪ જૂન દરમિયાન વિવિધ જાહેર સ્થળોએ આ **મોબાઈલ પુનઃપ્રાપ્ય ઊર્જા નિદર્શન વાનના પ્રદર્શનનું** આયોજન કરવામાં આવેલ છે. જેમાં **તા.૨૧ જૂન ના રોજ બોટાદ** ખાતે વિશ્વયોગ દિવસની ઉજવણી સ્થળે સરકારી હાઈસ્કુલનું મેદાન, જિલ્લા શિક્ષણાધિકારી કચેરી, કલેકટર કચેરી તેમજ એસ.ટી.બસ સ્ટેન્ડ, બોટાદ ખાતે મોબાઈલ પુનઃપ્રાપ્ય ઊર્જા નિદર્શન વાનનું પ્રદર્શન યોજાનાર છે.

તા. **૨૨ જૂન ગઢડા ખાતે** દિવસ દરમિયાન બ્રાન્ચ શાળાનં...૪, એમ.એન હાઈસ્કુલ, સ્ટેશન રોડ, મામલતદાર કચેરી તેમજ ક.૨.વિ.ગો. કન્યા વિદ્યાલય ખાતે આ પ્રદર્શન યોજાનાર છે.

તા. **૨૩ જૂનના રોજ બરવાળા** ખાતે મામલતદાર કચેરી, કે.બી.એમ ગર્લ્સ હાઈસ્કુલ અને જબુબા હાઈસ્કુલ, બરવાળા ખાતે તેમજ સાંજે ૪ થી રાત્રે ૮ કલાક સુધી શ્રી બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિર, સારંગપુર ખાતે પ્રદર્શન યોજાશે.

તા.૨૪ જૂનના રોજ રાણપુર ખાતે દિવસ દરમિયાન સી.એચ. ગદાણી હાઈસ્કુલ,ઘી જન્મભૂમિ હાઈસ્કુલ, મામલતદાર કચેરી, અને મુખ્ય પોલિસ સ્ટેશન, રાણપુર ખાતે આ મોબાઈલ પુનઃપ્રાપ્ય ઊર્જા નિદર્શન વાનનું પ્રદર્શન યોજાનાર છે. તેવું કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગરના સંચાલકશ્રી ડૉ. ભાવેશભાઈ ભરાડની યાદીમાં જણાવાયું છે.

(પ્રીતિ ત્રિવેદી)
ઓફિસ ઈન્ચાર્જ,
કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર,
ભાવનગર.